

## Cadaver Organ Donor Manojbhai I. Patel

# Brain dead person's organs give new lease of life to 3

TIMES NEWS NETWORK

Surat: Three persons got a new lease of life thanks to kidneys and liver of a 53-year-old cloth broker which were donated by his family on his death. The donor's wife died of a heart attack soon after completing the formalities for organ donation.

Manoj I Patel fell unconscious in the bathroom of his house on June 26. His family rushed him to Mahavir Trauma Hospital where it was diagnosed that he had a clot in his brain. He was operated upon on June 27 and declared brain dead on June 30.



Manoj I Patel (inset) was diagnosed with a clot in his brain

Patel's wife Bhartiben, daughter Ankita 25, and son Krushank, 21, decided to donate his organs. Doctors of the Institute of Kidney Diseases and Research Centre (IKDRC) transplanted the kidneys in the bodies of Bhavnagar resident Hipa Chavda, 28, and Rajkot resident Happy Kanaria, 20. Patel's liver was transplanted in the body of 50-year-old Sunita Parekh, who lives in the city.

When the family returned home, Bhartiben suffered a cardiac arrest and died.

# मनोजभाई पटेल के अंगदान से चार लोगों को मिला नया जीवन

लोकतेज संवाददाता

सूरत। मनोजभाई ईश्वरभाई पटेल स्नान करते हुए दुर्घटनाग्रस्त हुए। इस दुर्घटनाके बाद मनोजभाई ईश्वरभाई पटेल का उपचार महावीर ट्रोमा सेन्टर में किया गया। एमआरआई और सीटी स्केन जैसी रीपोर्ट कराने के बाद पाया गया की उनके मस्तिष्क में रक्त का थक्का जम गया है। न्युरोसर्जन अशोक पटेल ने केन्योटोमी करके रक्त के थक्के को दूर किया। परन्तु दो दिनों बाद न्युरोफिजिशयन डॉ. मनोज सत्यवानी और



डॉ. अशोक पटेल ने मनोजभाई को ब्रेनडेड घोषित कर दिया।

मनोजभाई के परिवार वालों ने उनके अंगों के दान के लिए डोनेट लाइफ के प्रमुख निलेश माडलेवाला का संपर्क किया और उनके अंगों के दान के लिए तैयार हुए। अमदाबाद की इन्स्टीट्युट ऑफ किडनी डिसीज एन्ड रिसर्च सेन्टर के डॉ. विपीन पाल और उनकी टीम को मनोजभाई के किडनी और लीवर का दान दिया गया। एक किडनी भावनगर के हिपाभाई रामभाई चावड़ा और दूसरी किडनी राजकोट के निवासी हेप्पी एच कनेरिया को ट्रान्सप्लांट की गई। उनका लीवर सूरत की निवासी सुनीताबेन महेशभाई पारेख को ट्रान्सप्लांट किया गया। अंगदान के बाद पति के शव को देखकर पत्नी भारतीबेन बेहोश हो गई। डॉक्टरों द्वारा जांच किये जाने पर उन्होंने भारतीबेन को भी मृत घोषित किया।

# अंगदान से तीन को मिला नया जीवन

पत्रिका न्यूज़ नेटवर्क
patrika.com

सूरत. पलसाणा गांव में रहने वाले तलपदा कोली पटेल समाज के एक व्यक्ति को अस्पताल में ब्रेन डेड घोषित किए जाने के बाद परिजनों ने अंगदान का निर्णय किया, जिससे तीन जनों को नई जिंदगी मिली।

सूत्रों के अनुसार पलसाणा गांव निवासी मनोज ईश्वर पटेल (50) 26 जून की सुबह बाथरूम में नहाने गए और काफी देर तक बाहर नहीं निकले। पत्नी भारती पटेल ने उन्हें बाथरूम में बेहोश पाया। परिवार के लोग उन्हें अस्पताल ले गए। महावीर अस्पताल में सीटी स्कैन और एमआरआई रिपोर्ट में दिमाग में रक्त की गांठ की पुष्टि हुई। 27 जून को क्रेन्योटोमी कर रक्त की गांठ को दूर किया गया, लेकिन



उनकी तबीयत में सुधार नहीं हुआ। 27 जून को उन्हें ब्रेन डेड घोषित कर दिया गया। डोनेट लाइफ प्रमुख नीलेश मांडलेवाला की टीम ने परिजनों को अंगदान के बारे में समझाया। सहमति मिलने पर उन्होंने अहमदाबाद आईकेडीआरसी की ट्रांसप्लांट कॉर्डिनेटर प्रिया शाह और डॉ. जमाल रिजवी से सम्पर्क किया। आईकेडीआरसी से डॉ. बिपिन पाल और उनकी टीम ने सूरत आकर किडनी तथा लीवर का दान स्वीकार किया।

दान में मिली एक किडनी भावनगर निवासी हिपा राम चावडा (26), दूसरी किडनी राजकोट निवासी हैप्पी एच. कनेरिया (20) में ट्रांसप्लांट की गई। लीवर सूरत निवासी सुनीता महेश पारेख (51) में ट्रांसप्लांट किया गया।

## સંતાનોએ એક સાથે માતા-પિતાનું છત્ર ગુમાવ્યું

# પતિના મોતનો આઘાત નહીં જીરવી શકનાર પત્નીનું હૃદય બંધ પડી ગયું

બારડોલી, શનિવાર

પતિના મોતના સમાચારનો આઘાત નહીં જીરવી શકનાર પત્નીનું પણ હૃદય બંધ પડી જતાં મોત થયું હતું. પલસાણાના મેઈનરોડ પરથી પતિ-પત્નીની એક સાથે અંતિમયાત્રા નીકળતા સૌ કોઈની આંખમાં આંસુ સરી પડ્યા હતાં.

## પલસાણાના મનોજભાઈ પટેલનું બાથરૂમમાં પડી જતાં બ્રેઈન હેમરેજથી મોત : બંનેની સાથે અંતિમયાત્રા નીકળતા સૌ કોઈની આંખમાં આંસુ

પલસાણાના મેઈનરોડ પર રહેતા મનોજભાઈ ઈશ્વરભાઈ પટેલ (ઉ.વ. ૫૨) સુરતના ટેક્સટાઈલ માર્કેટમાં નોકરી કરતા હતા. ગત તા. ૨૬ના રોજ સવારે નિત્યક્રમ મુજબ ન્હાવા ગયેલા મનોજભાઈ બાથરૂમમાં પડી જતાં માથામાં ગંભીર ઈજા થતાં બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું. તેમને તાત્કાલિક સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં



દાખલ કરાયા હતા. જ્યાં સતત પાંચ દિવસ સુધી પત્ની ભારતીબેને સેવાચાકરી કરી હતી. જો કે, પાંચ દિવસે બાદ મનોજભાઈ અંતિમ શ્વાસ લીધા હતાં.

પતિના મોતના સમાચારનો આઘાત નહીં જીરવી શકનાર પત્ની ભારતીબેનનું હાર્ટએટેકના કારણે મોત થયું હતું. પતિ-પત્નીના મોતના સમાચારથી ગામમાં શોકની કાલિમા છવાઈ હતી. બંનેની આજે સવારે એક સાથે અંતિમયાત્રા નીકળતા સૌ કોઈની આંખમાંથી અશ્રુધારા વહી હતી. તે પહેલા બે સંતાન એવા પુત્ર અને પુત્રીએ એક સાથે માતા-પિતાનું છત્ર ગુમાવતા ભારે વલોપાત કર્યો હતો.

## મનોજભાઈ પટેલના અંગદાનથી ત્રણ વ્યક્તિને નવજીવન મળ્યું

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શનિવાર

તળપદા કોળી પટેલ સમાજના બ્રેઈનડેડ મનોજભાઈ પટેલનું અંગદાન થયું છે. જેનાથી ત્રણ વ્યક્તિને નવજીવન મળ્યું છે. તેમને તા.૩૦મીએ બ્રેઈનડેડ જાહેર કરાયા બાદ ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા તેમના પરિવારને અંગદાન અંગે સમજાવતા તેઓ સંમત થયા હતા. દાનમાં મળેલી તેમની કિડની ભાવનગરના હિંમાભાઈ રામભાઈ ચાવડા (ઉ.વ.૨૮) અને બીજી કિડની રાજકોટના હેપ્પી એચ.કનેરીયા (ઉ.વ.૨૦)ને જ્યારે લીવર સુરતના સુનિતાબેન મહેશભાઈ પારેખ (ઉ.વ.૫૧)ને ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે.

મનોજભાઈના અંગોનું દાન કરીને મૃતદેહ પરત લઈને પરિવાર પરત ઘરે પહોંચ્યો ત્યારે પતિના મૃત્યુના આઘાતમાં પત્ની ભારતીબેનને હાર્ટ એટેક આવતા મૃત્યું થયું હતું.

# પતિનાં અંગોનું દાન કરી સમાજને નવી દિશા ચિંધનાર પત્નીનું પણ હાર્ટએટેકથી અવસાન



- પલસાણાના કોળી પટેલ પરિવારે સ્વજનના અંગદાન કરી ત્રણ જણાને નવજીવન બક્ષ્યું
- પિતાના મૃત્યુના ગણતરીના કલાકોમાં જ માતાએ પણ પ્રાણ ત્યજી દેતા પરિવારમાં શોક

---

ભાસ્કર વિશેષ | પલસાણાના તળપદા કોળી પટેલ સમાજની બ્રેનડેડ વ્યક્તિનાં કિડની અને લીવરના દાન થકી ત્રણ વ્યક્તિને નવજીવન

# પતિના અંગોનું દાન કરીને પહોંચેલી પત્નીનું હાર્ટએટેકથી મોત

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

તળપદા કોળી પટેલ સમાજના પલસાણાના બ્રેનડેડ વ્યક્તિના કિડની અને લિવરના દાન થકી ત્રણ વ્યક્તિને નવજીવન બક્ષી સમાજને નવી દિશા ચિંધી હતી. ઓર્ગન ડોનેટ સંસ્થાએ બેઠક એક મહિનામાં ૨ વ્યક્તિના 16 કિડની, 8 લિવર, 1 હૃદય તથા ચાર ચક્ષુઓનું દાન મળ્યું હતું. આ અંગોનો થકી જીવનમરણ વચ્ચે ઝોલા ખાતા વ્યક્તિઓને નવી જીંદગી મળી શકી હતી.

પલસાણાના રહેતા તળપદા કોળી પટેલ સમાજના મનોજ છેબરભાઈ પટેલ (૬૦) ક.પ.ક હવાલાનું કામ કરતાં હતા, ગત ૨૬મી જૂનના રોજ તેઓ સવારે સ્નાન કરવા ગયા બાદ બેભાન અવસ્થામાં મળી આવ્યા હતાં. સારવાર અર્થે મહાવીર ટ્રોમા હોસ્પિટલ ખસેડાયા હતાં. ત્યાં તેમનું સિટી સ્કેન કરતાં મગજમાં લોહીની ગાંઠ જામી ગઈ હોવાનું નિદાન થયું હતું. તેની સારવાર દરમિયાન







અંગદાન કરનાર ૬૦ વર્ષીય મનોજભાઈ પટેલ અને તેમના પત્ની

તબીબોએ મનોજભાઈ બ્રેનડેડ જાહેર કર્યા હતાં. ડોનેટ લાઈફના નિલેશ માંડલેવાલાએ જાણ કરતાં તેઓ સંસ્થાના સભ્ય સાથે હોસ્પિટલ પહોંચી જઈ ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું હતું.

## દાનમાં મળેલા અંગોથી ત્રણને નવજીવન

દાનમાં મળેલી એક કિડની ભાવનગરના દિપા રામભાઈ વ.વ. (૩૬) અને રાજકોટના હેપ્પી કનેરીયા (૨૦)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લિવર સુરતના સુનિતાબેન મહેશભાઈ પારેખ (૫૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

## પતિના મૃતદેહને લઈ ઘરે પહોંચતાં પત્ની ઢળી પડી

પતિ મનોજભાઈના અંગોનું દાન કરીને સમાજને નવી દિશા ચિંધનાર પત્ની આરતીબેન પરિવારજનો સાથે પતિનો મૃતદેહ લઈને ઘરે પહોંચ્યા જ હતા. ત્યારે તેઓ બેભાન થઈ ઢળી પડ્યાં હતાં. પરિવારજનોએ નજીકના તબીબને બોલાવ્યા હતાં. પરંતુ હાર્ટએટેકથી મરણ પામ્યા હતાં.

## બ્રેનડેડના અંગદાન થકી 483 વ્યક્તિને નવજીવન

ડોનેટ લાઈફની ટીમે 209 કિડની, 83 લિવર, 11 હૃદયનું અને 170 ચક્ષુઓના દાન મેળવીને 483 વ્યક્તિઓને નવજીવન અને રોશની બક્ષવામાં સફળતા મેળવી હતી. એક માસમાં 8 બ્રેનડેડ વ્યક્તિના અંગદાનથી 16 કિડની, 8 લિવર, 1 હૃદય અને ચાર ચક્ષુઓનું દાન કરાયું હતું.

# પલસાણાના કાપડદલાલનાં અંગદાન કરી ઘરે પહોંચેલી પરિણીતાનું હૃદયરોગના હુમલાથી મોત

**છ દિવસ અગાઉ બાથરૂમમાં બેભાન હાલતમાં મળેલા મનોજ પટેલનું સારવાર દરમિયાન મોત થયા બાદ લિવર અને કિડનીનું અંગદાન કર્યા બાદ મૃતદેહને ઘરે લવાતાં પત્ની આઘાત સહન કરી શકી નહીં**

---

પલસાણાના બ્રેઇનડેડ કાપડ દલાલના અંગોનું દાન કરાયું

# મૃતક પતિનું અંગદાન કર્યા બાદ વિરહના આઘાતમાં પત્નીનું પણ નિધન





